# શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પધ્ધતિઓ

## વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ:

# Contact Details


- Dr.Viral B.Jadav
- Assistant Professor
- Prakash College of Education
- Mo.9033229855
- Email:viral_b_j@yahoo.co.in

# વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ:

વર્ગમાંનાં તમામ વિદ્યાર્થીઓ વ્યક્તિગત ભિન્નતાને લીધે તેમનાં આચાર, વિચાર, વાણી-વર્તન વગેરેમાં જુદા પડતાં હોય છે. તેમના રસ, રૂચિ, વલણો, શૈક્ષણિક સિધ્ધિ, અભિયોગ્તાઓ વગેરે જુદા જુદા હોય છે. તેમ છતાં વર્ગમાંનાં મોટાભાગનું વિદ્યાર્થીઓનું વર્તન સામાન્ય જોવા મળે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓનું વર્તન અસામાન્ય જોવા મળે છે.

# જેમકે,

- અતિતોફાની વિદ્યાર્થી
- ચોરીની આદત
- મંદબુધ્ધિવાળો વિદ્યાર્થી
- સુનમુન/અતડો રહેતો વિદ્યાર્થી
- અભ્યાસમાં એકદમ પછાત
- વારંવાર ગુસ્સે થઈ તોડ-ફોડ કરતો વિદ્યાર્થી
- અત્યંત તેજસ્વી વિદ્યાર્થી
- વિશિષ્ટ સર્જનાત્મક પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થી
- અનુકૂલનનો અભાવ
- ગુનાહિત માનસ
- તોતડાપણું
- વાંચન અક્ષમતા

આવા કિસ્સામાં બાળકનાં જે તે વર્તન પાછળનાં કારણોનો અભ્યાસ કરવા માટે અને તેનાં ઉપાયો સૂચવવા માટે ઉપયોગમાં લેવાતી પધ્ધતિ

– વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ

# વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ

- બિસેઝ:

- વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ ગુણાત્મક વિશ્લેષણનું એક સ્વરૂપ છે, જેમાં એક વ્યક્તિ, પરિસ્થિતિ અથવા સંસ્થાનું ખૂબ જ સાવધાનીથી સર્વલક્ષી અવલોકન કરવામાં આવે છે.

- ડોનાલ્ડ જી. મોરટેન્સન:

- વ્યક્તિ-નિદાન અભ્યાસ એટલે અધ્યેતા વિશેની શક્ય બધીજ માહિતી એકત્ર કરવાનો એક પ્રયત્ન, જેનાં દ્વારા વિશિષ્ટ સમસ્યા કે સંખ્યાબંધ સમસ્યાઓના મુલ્યાંકનથી એક પ્રશ્નાદભૂમિકાને ઘાટ આપી શકાય.

## એમ.મૂલર:

- વ્યક્તિ-નિદાન એ એક વ્યક્તિના ઊંડા પૃથક્કરણની નોંધ છે.

## એચ.જી.દેસાઈ:

- વ્યક્તિ અભ્યાસ એટલે કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિને સંબંધિત બધા પાસાનો વિચાર કરવો, તે અભ્યાસના એકમ તરીકે એક વ્યક્તિ, એક કુટુંબ, એક જૂથ, કોઈ સામાજિક સંસ્થા કે સમાજ હોઈ શકે છે.

## Cronback :

- ***A case study is an intimate detailed investigation of one person at a time***

- આમ, વ્યક્તિ અભ્યાસમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો અભ્યાસ ઊંડાણપૂર્વક કરી તેની મુશ્કેલીનું નિદાન કરી શકાય છે અને ઊપચારાત્મક કાર્ય હાથ ધરી શકાય છે. આથી આ પધ્ધતિને ચિકિત્સા પધ્ધતિઃ ***Clinical Method*** પણ કહેવામાં આવે છે.

- અહીં વ્યક્તિનાં બાલ્યકાળથી લઈને વર્તમાન પરિસ્થિતિ સુધીનો અભ્યાસ કરવામાં આવે છે તેથી તેને વ્યક્તિ-ઈતિહાસ પધ્ધતિ પણ કહેવામાં આવે છે.

# વ્યક્તિ અભ્યાસ પધ્ધતિના સોપાનો:

૧.વ્યક્તિ અભ્યાસ માટે પાત્રની પસંદગી

૨.માહિતીનું એકત્રીકરણ

૩. ઉત્કલ્પનાની રચના

૪. ઉપચાર કાર્યક્રમ

૫. અનુકાય



# (૧) વ્યક્તિ અભ્યાસ માટે પાત્રની પસંદગી



- સમસ્યાત્મક બાળક
- તેજસ્વી વિદ્યાર્થી
- કોઈખાસ પ્રકારની સંસ્થા
  - ૧૦૦% પરિણામ લાવતી શાળા (વર્ષોથી બોર્ડમાં ૧૦૦% પરિણામ)











# (૨) માહિતીનું એકત્રીકરણ

- કારણો જાણવા, મુશ્કેલીનું નિદાન કરવા માહિતી એકત્રીકરણ જરૂરી
  - જીવન ઈતિહાસ
  - સાર્વત્રિક અનુભવો
  - આરોગ્યનો ઈતિહાસ, રોગો
  - શૈક્ષણિક સિધ્ધિનો અભ્યાસ
  - ઘરનું વાતાવરણ
  - કુટુંબની આર્થિક-સામાજિક પરિસ્થિતિ

# માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લેવાતાં સાધનો:

- મુલાકાત
- અવલોકન
- પ્રશ્નાવલી
- મનોવૈજ્ઞાનિક કસોટીઓ
- શારીરિક તપાસ
- મનોચિકિત્સાનો અહેવાલ
- સામાજિકતામિતિ
- રસ સંશોધન
- શોખની પ્રવૃત્તિ
- સંસ્થાનું નિરીક્ષણ
- સંસ્થાની ભૌતિક સુવિધાઓ
- સંસ્થાનું માનવ સંશાધન
- સંસ્થા મુલાકાત
- સંસ્થા રેકર્ડ્ઝ
- સંસ્થાની પ્રવૃત્તિઓ
- સંસ્થા માટે અન્ય દ્વારા ક્રમાંકન

# (૩) ઉત્કલ્પનાની રચના:

વિવિધ સાધનો દ્વારા પ્રાપ્ત થયેલી વિદ્યાર્થી વિષયક માહિતીને આધારે વિદ્યાર્થીની સમસ્યા વિશે ઉત્કલ્પના રચવામાં આવે છે.

દા.ત. આરોગ્ય વિષયક નબળી પરિસ્થિતિને કારણે વિદ્યાર્થી અભ્યાસમાં નબળો છે.

# (૪) ઉપચાર કાર્યક્રમ:

- સમસ્યાનાં કારણો મળી ગયાં પછી તેને દૂર કરવા શું કરવું તેની વિચારણા અને અમલ આ તબક્કે થાય છે. નિદાન સાચું હોય તો ઉપચાર યોગ્ય રીતે થાય છે.
- ઉપચાર કાર્યક્રમ માટે રોજર્સ પધ્ધતિ ઉપયોગી છે. આ પધ્ધતિ અનુસાર પ્રથમ મુલાકાત દરમ્યાન અધ્યેતા પોતે જ પોતાની સમસ્યા સ્પષ્ટ કરે. સમસ્યા ઉકેલ માટે પોતાની ક્ષમતા નક્કી કરે. સમસ્યા તાણાવાણા પોતે જુએ અને સમસ્યાના ઉકેલનાં માર્ગો પણ જાતે જ નક્કી કરે છે.
- - કેટલીક સમસ્યાઓ માટે અન્ય વ્યક્તિની સહાય લેવી પડે. દા.ત. આરોગ્ય વિષયક ખામી હોય તો ડોકટરની મદદ લેવી પડે.

# (૫) અનુકાર્ય:

- જો અનુકાર્ય થાય તો જ નિદાન – ઉપચાર લાંબાં ગાળાનાં લાભ આપી શકે. અનુકાર્ય એટલે પ્રયોગપાત્રની સૂચિત સારવાર કે ઉપચાર બાદ તેની પરિસ્થિતિમાં શો અને કેટલો સુધારો થયો તેની માહિતી પ્રાપ્ત કરવી. જો સમસ્યા હલ ના થઈ હોય તો નિદાન – ઉપચારનું ચક્ર સમસ્યા હલ થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે છે.
- આમ, અધ્યેતામાં જોવા મળતા ગંભીર વર્તનદોષોની ભૂતકાલીન ઐતિહાસિક ભૂમિકા જાણી, વર્તમાન પરિસ્થિતિ ઓળખી અધ્યાપક તેનો વ્યક્તિ-અભ્યાસકરી તેની શૈક્ષણિક સમસ્યાઓ અને વર્તનદોષ દૂર કરવામાં સહાયભૂત થઈ શકે છે.

## ફાયદા:

- એક  વ્યક્તિનો ઊંડાણ પૂર્વક અને વિવિધ દ્રષ્ટિકોણથી  અભ્યાસ થઈ શકે છે.
- વર્તનને  સમજવા માટે માર્ગદર્શક રુપ
- આ પધ્ધતિ નિદાનલક્ષી અભિગમ ધરાવતી હોઈ વિદ્યાર્થીઓની સમસ્યાઓના મૂળ સુધી પહોંચવામાં મદદરૂપ છે.
- વિવિધ શૈક્ષણિક સમસ્યાઓના પધ્ધતિસર સાચા ઉકેલ પ્રાપ્ત કરવામાં ઉપયોગી છે.
- તેનાં પરિણામો વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં ઉપયોગી બને છે.

## ફાયદા:

- આ પધ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓના વર્તનદોષો તથા અનુકૂલનને લગતા પ્રશ્નો ઉકેલી શકાય છે.
- આ પધ્ધતિથી પ્રયોગપાત્રના જીવનને લગતા કાર્ય-કારણ સંબંધો જાણી શકાય છે.
- આવો વ્યક્તિ અભ્યાસ વ્યક્તિની વણસંતોષાયેલી શારીરિક, મનોવૈજ્ઞાનિક અને ભાવાત્મક જરૂરિયાતો તરફ નિર્દેશ કરે છે

- ભાવિ સંશોધનો માટે  દીવા દાંડી રુપ

# મર્યાદાઓ:

- વ્યક્તિ અભ્યાસ પધ્ધતિમાં પ્રયોગપાત્રનો બહુ આયામી અભ્યાસ કરવાનો હોઈ અભ્યાસકર્તા પક્ષે ખુબ નિષ્ઠા અને મહેનત અનિવાર્ય છે.
- પ્રયોગપાત્રની મુશ્કેલીનું સ્વરૂપ તીવ્ર હોય તો અને ત્યારે જ તેનો ઉપયોગ કરવામાં આવે છે.
- માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લેવાતાં વિવિધ સાધનોનાં ઉપયોગ અને અર્થઘટનનો મહાવરો અને તાલીમ, અભ્યાસકર્તા ધરાવતા ન હોય તો સમગ્ર અભ્યાસ નકામો નીવડે છે.

# મર્યાદાઓ:

- આમા જુદા જુદા અનેક ક્ષેત્રના નિષ્ણાંતોની મદદની જરૂર પડે છે. આવી મદદ કે સહકાર ન મળે તો અભ્યાસ નિરર્થક બની જાય છે.
- એક વ્યક્તિના સંબંધમાં પ્રાપ્ત થયેલાં નિદાન કે પરિણામોનું અન્ય વ્યક્તિઓ માટે સામાન્યીકરણ કરી શકાતું નથી.
- સમય, શક્તિ અને નાણાંની દ્રષ્ટિએ ખર્ચાળ
- માહિતિ મેળવવા માટેના સાધનો અધૂરા હોય તો  હેતુ સરે નહિ.
- સામગ્રી ની વિશ્વનીયતા  અંગે શંકા રહે છે.

# આભાર